# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 06-07-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day: MONDAY** **National News**

## આકાશવાણી સમાચાર હેમાંગીની સોનારા વાંચે છે.

****************************************************

1) **ઇન્ડોનેશિયાના જકાર્તામાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું ભવ્ય સ્વાગત.**
2) **કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે કહ્યું, ગત પાંચ વર્ષમાં સહકાર મંત્રાલય દ્વારા લાખો લોકોના જીવનમાં પરિવર્તન આવ્યું.**
3) **પાકિસ્તાનના કબજા હેઠળના જમ્મુ અને કશ્મીરમાં ચાલી રહેલા વિરોધ પ્રદર્શન વચ્ચે, સ્થાનિકોએ ભારત સરકારને મદદ માટે અપીલ કરી.**
4) **ગુજરાત, કોંકણ, ગોવા, મધ્ય મહારાષ્ટ્ર અને છત્તીસગઢમાં આજે વરસાદ માટે રેડ અલર્ટ જાહેર.**
5) **ફૂટબૉલ ફિફા વિશ્વકપમાં, આજે પોર્ટુગલ અને સ્પેન વચ્ચે મુકાબલો.**

………………………………………………………

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)
(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# EVE PM-INDONESIA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ત્રણ દેશોના ભારત-પ્રશાંત પ્રવાસના પ્રારંભે ઇન્ડોનેશિયાના જકાર્તા પહોંચ્યા હતા. ઇન્ડોનેશિયાના રાષ્ટ્રપ્રમુખ પ્રબોવો સુબિયાન્તોએ જકાર્તા વિમાનમથક પર તેમનું સ્વાગત કર્યું હતું. ઇન્ડોનેશિયાના સ્થાનિક સમુદાય અને ભારતીય સમુદાયે પ્રધાનમંત્રી મોદીનું સ્વાગત કર્યું હતું, જેમાં પરંપરાગત ભારતીય અને ઇન્ડોનેશિયન સાંસ્કૃતિક પ્રદર્શનનો સમાવેશ થાય છે.

પ્રધાનમંત્રી મોદીના ચોથા પ્રવાસ દરમિયાન તેઓ ઇન્ડોનેશિયાના રાષ્ટ્રપ્રમુખ સાથે દ્વિપક્ષીય ચર્ચા કરશે. પ્રધાનમંત્રી સાંસ્કૃતિક અને ઐતિહાસિક શહેર યોગ્યાકાર્તામાં પ્રમ્બાનન મંદિર સંકુલની મુલાકાત લેશે.

તેમની મુલાકાતના બીજા તબક્કામાં, શ્રી મોદી 8 થી 10 જુલાઈ દરમિયાન ઓસ્ટ્રેલિયાની મુલાકાત લેશે. તેઓ ઓસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રી એન્થોની અલ્બનીઝ સાથે ત્રીજા ભારત-ઓસ્ટ્રેલિયા વાર્ષિક સમિટમાં ભાગ લેશે.

ત્રણ દેશોના પ્રવાસના અંતિમ તબક્કામાં, શ્રી મોદી 10-11 જુલાઈ દરમિયાન ન્યુઝીલેન્ડના પ્રવાસે જશે. પ્રધાનમંત્રી મોદી ન્યુઝીલેન્ડના પ્રધાનમંત્રી ક્રિસ્ટોફર લક્સન સાથે  દ્વિપક્ષીય સંબંધોના તમામ પાસાઓની સમીક્ષા કરશે.

# PM-SYAMA PRASAD

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જી એક મહાન દેશભક્ત અને ભારતની અખંડિતતા માટે સમર્પિત સ્વપ્નદ્રષ્ટા હતા. ડૉ. મુખર્જીની 125મી જન્મજયંતિ નિમિત્તે પોતાના વિડીયો સંદેશમાં શ્રી મોદીએ કહ્યું કે, ડૉ. મુખર્જીના વિચાર આધુનિક ભારતને માર્ગદર્શન આપવામાં મુખ્ય ભૂમિકા ભજવી રહ્યા છે. તેમણે કહ્યું કે, સરકાર ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીની 125મી જન્મજયંતિ બે વર્ષીય રાષ્ટ્રીય ઉજવણી સાથે ઉજવી રહી છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે, આ ઉજવણી ગયા વર્ષે 6 જુલાઈએ શરૂ થઈ હતી અને આવતા વર્ષે 6 જુલાઈ સુધી ચાલુ રહેશે. તેમણે કહ્યું કે, ડૉ. મુખર્જીનું જીવન એક વિચારથી જન આંદોલન સુધી પહોંચવા માટે પ્રેરણારૂપ છે.

# REV NEW SHAH - COOPERATION

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે આજે જણાવ્યું હતું કે સહકારી ચળવળ સુધારા, ડિજિટાઇઝેશન અને વ્યાવસાયિક વ્યવસ્થાપન દ્વારા વિસ્તરણના નવા તબક્કામાં પ્રવેશી રહી છે. સહકાર મંત્રાલયના પાંચમા સ્થાપના દિવસ સમારોહને સંબોધતા શ્રી શાહે જણાવ્યું હતું કે નવ મુખ્ય રાષ્ટ્રીય સ્તરની સહકારી મંડળીઓની સ્થાપના કરવામાં આવી છે.

(BYTE : AMIT SHAH ON SAHKARITA)

શ્રી શાહે ખેડૂતોને ઓર્ગેનિક કૃષિ ઉત્પાદનોનું ઉત્પાદન વધારવા અને રાસાયણિક ખાતરો અને જંતુનાશકોનો ઉપયોગ ઘટાડવાની પણ અપીલ કરતાં કહ્યું  કે સહકાર મંત્રાલય છેલ્લા પાંચ વર્ષથી સહકાર દ્વારા સમૃદ્ધિના મંત્રને અનુસરી રહ્યું છે.

(BYTE : AMIT SHAH ON 5 YEARS)

# GOYAL-IIM UDAIPUR

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે આજે જણાવ્યું હતું કે ટેકનોલોજી-સક્ષમ, દ્વિભાષી મેનેજમેન્ટ શિક્ષણ ગ્રામીણ-શહેરી અંતરને દૂર કરવામાં અને પ્રતિભાશાળી અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને તેમની પરિસ્થિતિ ગમે તે હોય, ગુણવત્તાયુક્ત શિક્ષણ સુલભ બનાવવામાં મદદ કરી શકે છે. તેમણે નવી દિલ્હીથી ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ ઉદયપુર ખાતે નવા શરૂ કરાયેલા અભ્યાસક્રમના ઉદ્ઘાટન પ્રસંગે વર્ચ્યુઅલી સંબોધન કરતી વખતે આ વાત કહી હતી.

મંત્રીએ કહ્યું કે ઓનલાઈન દ્વિભાષી બેચલર ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન પ્રોગ્રામ એક અનોખી પહેલ છે જે સરળ અને સરળતાથી સમજી શકાય તેવી ભાષામાં મેનેજમેન્ટ શિક્ષણ આપીને વ્યાપક અસર કરી શકે છે. શ્રી ગોયલે કહ્યું કે આ કાર્યક્રમની દ્વિભાષી પ્રકૃતિ IIM શિક્ષણની વિશ્વસનીયતા અને ગુણવત્તાને લોકોના વિશાળ વર્ગ સુધી સુલભ બનાવવામાં મદદ કરશે.

# GADKARI- REVIEW MEETING

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ આજે નેશનલ હાઇવે ફ્રેઇટ ટ્રાન્સપોર્ટ મેનેજમેન્ટ લિમિટેડની સમીક્ષા બેઠક યોજી હતી. આ બેઠકમાં દેશભરના ધોરીમાર્ગ પર વિકસિત મલ્ટી-મોડલ ફ્રેઇટ પાર્ક, રોપવે અને મુસાફરોની સુવિધાઓની પ્રગતિની સમીક્ષા કરવામાં આવી હતી.

શ્રી ગડકરીએ જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટ્સ દેશમાં આધુનિક અને સુધારેલ પરિવહન વ્યવસ્થા બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. તેમણે પ્રોજેક્ટ્સના અમલીકરણ સામેના પડકારોની પણ સમીક્ષા કરતાં સંબંધિત અધિકારીઓ અને તમામ હિસ્સેદારોને તમામ અવરોધોને તાત્કાલિક દૂર કરવા અને પ્રોજેક્ટ પૂર્ણ કરવામાં ઝડપી બનાવવા નિર્દેશ આપ્યો હતો.

# GOVT - ABHA

સરકારે જણાવ્યું છે કે 104 કરોડથી વધુ આરોગ્ય કાર્ડ 93 કરોડથી વધુ આયુષ્માન ભારત આરોગ્ય ખાતા (આભા) સાથે જોડાયેલા છે. આ દેશની સંકલિત ડિજિટલ જાહેર આરોગ્ય પ્રણાલી તરફ એક મહત્વપૂર્ણ પ્રગતિ છે.

આભા, આધાર કાર્ડની જેમ, 14 - અંકનો અનન્ય ઓળખ નંબર છે જે વ્યક્તિને વ્યાપક આરોગ્ય પ્રણાલી સાથે સુરક્ષિત રીતે જોડે છે.

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૉ કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

# PoJK PEOPLE APPEAL

પાકિસ્તાનના કબજા હેઠળના જમ્મુ અને કાશ્મીરમાં ચાલી રહેલા વિરોધ પ્રદર્શનો વચ્ચે, રહેવાસીઓએ ભારત સરકારને મદદ માટે અપીલ કરી છે. આ પ્રદેશમાં છેલ્લા એક મહિનાથી પ્રદર્શનો ચાલી રહ્યા છે. એક અધિકારીના જણાવ્યા અનુસાર, રહેવાસીઓએ ભારતને દવાઓ અને આવશ્યક ખાદ્ય પદાર્થો પૂરા પાડવા વિનંતી કરી છે.

અહેવાલો અનુસાર, છેલ્લા વીસ દિવસથી પ્રદેશમાં રાશન અને દવાઓનો પુરવઠો બંધ છે, જેના પરિણામે ખોરાક અને તબીબી સંભાળ જેવી મૂળભૂત જરૂરિયાતોની અછત છે. વિરોધ પ્રદર્શનો દરમિયાન ઘાયલ થયેલા લોકોને પણ પૂરતી તબીબી સંભાળ મળી રહી નથી.

આવી પરિસ્થિતિને કારણે, ઘણા લોકો નિયંત્રણ રેખા પાર કરીને ભારતમાં પ્રવેશવાનો પ્રયાસ કરી રહ્યા છે. દરમિયાન, યુનાઇટેડ આવામી એક્શન કમિટીએ ભારત સરકારને નિયંત્રણ રેખા ખોલવા અપીલ કરી છે.

# PURI - RATH YATRA -RAILWAY - SPECIAL TRAIN

ઓડીશાના પુરીમાં ભગવાન જગન્નાથની રથયાત્રાની તૈયારીઓ અંતિમ તબક્કામાં છે. અમારા સંવાદદાતા અહેવાલ આપે છે કે મુખ્યમંત્રી મોહન ચરણ માંઝીએ તમામ વિભાગોને વાર્ષિક ઉત્સવ માટે તમામ વ્યવસ્થા સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યો છે. શ્રી માંઝીએ ભીડ વ્યવસ્થાપન, બહુ-સ્તરીય સુરક્ષા, ટ્રાફિક નિયંત્રણ અને અન્ય આવશ્યક નાગરિક સેવાઓ માટેની તૈયારીઓની સમીક્ષા કરી.

આ દરમિયાન, રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું છે કે આ વર્ષે ભગવાન જગન્નાથની રથયાત્રા માટે 300 થી વધુ ખાસ ટ્રેનો ચલાવવામાં આવશે.

(BYTE : ASHWINI VAISHNAV)

# IMD WEATHER- DAY

હવામાન વિભાગે આજે ગુજરાત, કોંકણ, ગોવા, મધ્ય મહારાષ્ટ્ર અને છત્તીસગઢમાં કેટલાક સ્થળોએ ભારે વરસાદ અને ભારેથી અતિ ભારે વરસાદ માટે રેડ એલર્ટ જાહેર કર્યું છે.

હવામાન વિભાગે જણાવ્યું હતું કે આગામી ત્રણ દિવસમાં, દક્ષિણ પશ્ચિમ ચોમાસું ઉત્તર અરબી સમુદ્રના ભાગોથી ગુજરાત, હરિયાણા, પંજાબ અને રાજસ્થાન તરફ આગળ વધવાની સંભાવના છે. આજે આસામ, મેઘાલય, બિહાર, પૂર્વી ઉત્તર પ્રદેશ, દિલ્હી અને પશ્ચિમ બંગાળમાં પણ ભારે વરસાદની સંભાવના છે.

# GUJARAT - RAINS

છેલ્લા 24 કલાકમાં ગુજરાતમાં મુશળધાર વરસાદ પડતાં સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં સામાન્ય જનજીવન ખોરવાઈ ગયું છે. અમરેલીના રાજુલા અને ધારી તાલુકામાં છેલ્લા 24 કલાકમાં લગભગ 10 ઇંચ વરસાદ નોંધાયો છે. ભારે વરસાદને કારણે અધિકારીઓએ છ મોટા બંધોને હાઇ એલર્ટ પર રાખ્યા છે. સરદાર સરોવર નર્મદા ડેમ 64.57 ટકા ક્ષમતા પર છે.

અમારા સંવાદદાતાના અહેવાલ મુજબ વરસાદને કારણે સામાન્ય જનજીવન પ્રભાવિત થયું છે. ત્રણ રાષ્ટ્રીય ધોરીમાર્ગો સહિત 82 રસ્તાઓ અસ્થાયી રૂપે બંધ કરવામાં આવ્યા છે, અને 100 થી વધુ ગામોમાં વીજ પુરવઠો ખોરવાઈ ગયો છે. ડિઝાસ્ટર મેનેજમેન્ટ ટીમોએ 750 થી વધુ નાગરિકોને સ્થળાંતરિત કર્યા છે અને 60 લોકોને બચાવ્યા છે. સંવેદનશીલ જિલ્લાઓમાં NDRF ની દસ ટીમો અને 25 SDRF ટુકડીઓ તૈયાર રાખવામાં આવી છે. દરિયાઈ સ્થિતિ ખરાબ હોવાથી માછીમારોને 9 જુલાઈ સુધી અરબી સમુદ્રમાં ન જવા ચેતવણી આપવામાં આવી છે.

# IRAN – FUNERAL KHAMENEI

ઈરાનની રાજધાની તેહરાનમાં આજે સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ અલી ખામેનીની અંતિમયાત્રામાં મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા.

રિવોલ્યુશનરી ગાર્ડ જનરલ હસન હસનઝાદેહે જણાવ્યું કે મૃતદેહને મેહરાબાદ આંતરરાષ્ટ્રીય વિમાનીમથક પર લઈ જવામાં આવે તે પહેલાં લગભગ બાર કલાક સુધી તેહરાનની શેરીઓમાંથી પસાર કરવામાં આવશે.

શોક સમયગાળા દરમિયાન અધિકારીઓએ રાજધાનીના ઘણા મુખ્ય રસ્તાઓ જ્યારે દેશનું હવાઈ ક્ષેત્ર પણ અસ્થાયી રૂપે બંધ કરવામાં આવ્યું છે, જેથી સામાન્ય જનજીવન પર અસર પડી છે. શોક ગત શનિવારથી શરૂ થયો હતો અને આગામી ગુરુવાર સુધી ચાલુ રહેશે. ત્યારબાદ આયાતુલ્લાહ અલી ખામેનીને તેમના જન્મસ્થળ મશહદમાં ઇમામ રેઝા દરગાહમાં દફનાવવામાં આવશે.

# UN-SUDAN CHILDREN

યુનાઇટેડ નેશન્સ ચિલ્ડ્રન્સ ફંડ (યુનિસેફ)એ અહેવાલ આપ્યો છે કે સુદાનમાં છ મહિનાથી ચાલી રહેલા યુદ્ધમાં 300થી વધુ બાળકો માર્યા ગયા છે, એપ્રિલ 2023થી સુદાનની સેના અને રેપિડ સપોર્ટ ફોર્સિસ વચ્ચેના યુદ્ધમાં, કોર્ડોફાન, ડારફુર અને બ્લુ નાઇલ રાજ્યોમાં ડ્રોન હુમલાઓથી 60 ટકા મૃત્યુ થયા છે.

સંયુક્ત રાષ્ટ્ર માનવધિકાર પરિષદે અલ-ઓબેદ શહેરમાં અને તેની આસપાસ અર્ધલશ્કરી રેપિડ સપોર્ટ ફોર્સિસ દ્વારા વધતી હિંસાની કડક નિંદા કરતો ઠરાવ સર્વાનુમતે મંજૂર કર્યો છે. પાંચ યુરોપિયન દેશો દ્વારા મતદાન વિના રજૂ કરાયેલા આ બિલમાં સુદાનના શરણાર્થીઓને આશ્રય આપતા દેશોને નાણાકીય સહાય અને સમર્થન વધારવાની હાકલ કરવામાં આવી છે.

# EVE.FIFA WORLD CUP

ફિફા વિશ્વ કપમાં, અમેરિકાના આર્લિંગ્ટનમાં આજે રાત્રે રાઉન્ડ ઓફ 16 મેચમાં પોર્ટુગલનો મુકાબલો  સ્પેન સાથે થશે. આવતીકાલે રાઉન્ડ ઓફ 16 ના બીજા મેચમાં સિએટલમાં, અમેરિકા બેલ્જિયમ સામે ટકરાશે.

ઇંગ્લેન્ડ, નોર્વે, મોરોક્કો અને ફ્રાન્સ પહેલાથી જ ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કરી ચૂક્યા છે. આજે સવારે રાઉન્ડ ઓફ 16 મેચમાં ઇંગ્લેન્ડે મેક્સિકો સામે 3-2 થી શાનદાર જીત મેળવીને ક્વાર્ટર ફાઇનલમાં પોતાનું સ્થાન મેળવ્યું છે.જ્યારે  નોર્વેએ અમેરિકાના ન્યૂયોર્ક-ન્યૂ જર્સી સ્ટેડિયમ ખાતે બ્રાઝિલને 2-1 થી હરાવીને અને ફ્રાન્સે ગઈકાલે ફિલાડેલ્ફિયામાં પેરાગ્વે સામે 1-0 થી વિજય મેળવીને ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ મેળવ્યો છે. અન્ય પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં, મોરોક્કોએ હ્યુસ્ટનમાં કેનેડા પર 3-0 થી શાનદાર જીત મેળવીને અંતિમ આઠમાં પોતાનું સ્થાન સુરક્ષિત કર્યું.